**મહે. ૩૭ માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, અમદાવાદ શહેર.**

**ફો.કેસ નં. 13338/2023**

**૧.** ચેરમેનશ્રી ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના કચેરીના આદેશ મુજબ આજરોજ સ્પેશિયલ મેજીસ્ટ્રેરીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ છે અને તેમાં આરોપી હાજર થઇ ગુનાની કબુલાત અંગે પુરશીશ આપતા સદર કેસ હાથ ઉપર લેવામાં આવેલ છે, જે મુજબ ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી પાસેથી ચાર્જશીટમાં દર્શાવ્યા મુજબનો દારૂ મળી આવેલ છે. પોલીસ ધ્વારા તેની સામે ધી ગુજરાત નશાબંધી ધારાની કલમ-૬૬(૧)(બી),૬૫(એ)(એ) અન્વયેનો ગુનો દાખલ કરી ચાર્જશીટ રજુ કરવામાં આવેલ , તે અન્વયે કોર્ટે આરોપીને સમન્સ કરેલ અને આરોપી હાજર થતાં પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલી અને પોલીસે દાખલ કરેલ ચાર્જશીટ તથા સાધનીક કાગળો ધ્યાન સમક્ષ રાખી આરોપી વિરૂધ્ધ ગુજરાત પ્રોહીબિશન અધિનિયમની કલમ-૬૬(૧)(બી), ૬૫(એ)(એ) મુજબનો ચાર્જ ફ્રેમ કરવામાં આવેલ છે.

**૨.** આરોપીને તે ગુનાનું તહોમતનામું ફરમાવી, પ્લી રેકર્ડ કરતાં ગુનો કબુલ હોવાનું જાહેર કરેલ છે અને અલગથી ગુના કબુલાત પુરશીશ રજુ કરેલી છે. આરોપીને પુછતા તેઓએ સ્વૈચ્છીક રીતે ગુનાની કબુલાત કરેલ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઇ, તે નહીં માનવા માટે કોઇ કારણ નથી. આરોપી ગરીબ વર્ગના તેમજ કુટુંબમાં એક જ કમાનાર વ્યકિત છે / યુવાન વયના / વૃધ્ધ ઉંમરના/ સ્ત્રી આરોપી છે અને ફરીવાર ગુનો નહીં કરવાની ખાત્રી આપી, સુધરવાની તક આપી, દયાની માંગણી કરી, યોગ્ય દંડ તથા સજા કરવા રજુઆત કરેલ છે. હાલના કામમાં આરોપી વિરૂધ્ધ આ જ પ્રકારના અગાઉ કોઇ ગુના સબબ પૂર્વદોષસિધ્ધિ નથી અને હાલના આરોપીએ સ્વેચ્છાએ કોઇપણ પ્રકારની ધાક ધમકી, દાબ દબાણ વગર કબુલાત કરવાની રજુઆત કરેલ છે, જેથી આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઇ, તે નહીં માનવા માટે કોઇ કારણ નથી.

**૩.** હાલના કામે ઉપરોકત કાયદાની જોગવાઇઓ ધ્યાને લેતાં આરોપી પાસેથી મળી આવેલ પ્રોહીબિશન મુદ્દામાલ અલ્પ માત્રાનો હોવાનું પ્રથમદર્શનીય જણાઇ આવે છે. જેથી આરોપી સામેનો ગુનો નજીવો ગુનો (પેટી ઓફેન્સ) છે, આરોપી ગરીબ માણસ હોય, નામદાર ગુજરાત હાઇકોર્ટના ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૨૦૦૫ ના સરકાર વિ. નટવરલાલ રતનજી ઠાકોરના ચુકાદાને ધ્યાને લઇ, આરોપીની કબુલાત તથા ગુનાના સંજોગો ધ્યાને લેતાં તથા સુધારાલક્ષી શિક્ષાની વિચારસરણી (Reformative Theory of Punishment ) ના સિધ્ધાંતને ધ્યાને રાખતા આરોપીને ન્યૂનત્તમ કે મહત્તમ સજા નહીં કરવાથી પણ ન્યાયનો હેતુ જળશવાશે તવું જણાતું હોઇ, આરોપીને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૧ અન્વયે ધી ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૬(૧)(બી),૬૬(એ)(એ) હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૦૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ દારૂ તથા બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪/૦૯/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશિયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૯/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.
**સ્પેશિયલ સીટીંગ**

(ડો. ભારતી જી. રાઠોડ)
૩૭ માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર.
કોડ નં. જી.જે. ૦૧૪૮૧